

# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

વચનામૃત મર્મ : ગઢડા પ્રથમ પ્રકરણ –૬૮, 'અષ્ટ પ્રકારની પ્રતિમામાં અને સંતમાં અખંડ રહ્યાનું'નું નિરૂપણ
૨૦ માર્ચ ૨૦૧૮, વચનામૃત પારાયણ, ઉપાસનાધામ, વેમાર

(ઑક્ટોબર, ૨૦૧૯ના અંકથી અધૂરું આ અંકથી ચાલુ...)

ભગવાને અહીંયાં કહ્યું, 'લેશમાત્ર જેનામાં ભક્તિનો ભાવ ના હોય, તો પછી એ કેવી રીતે મર્યાદા જાળવી શકે ?' વિક્તિ શરીરની થાય છે, શક્તિની વિક્તિ થતી નથી. પરમાત્માની શક્તિ દિવ્ય છે એની વિક્તિ થતી નથી પણ વિક્તિ શરીરની થાય છે, વિક્તિ વસ્ત્રોની થાય છે.

તેથી કહે છે...

***સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ મર્યાદા રાખી જોઈએ. તે તો એ ભક્ત લેશમાત્ર રાખતો નથી અને મૂર્તિને તો ચિત્રામણની અથવા પાષાણાદિકની જાણે છે અને સંતને બીજા માણસ જેવા જાણે છે. અને ભગવાને તો શ્રીમુખે એમ કહ્યું છે જે, 'મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.'***

ભગવાને પોતાના શ્રીમુખે આ કહ્યું છે. મુખ એટલે મોઢું. આપણું મોઢું તે શુભ અને અશુભ ગમે તે બોલે. પણ જ્યારે દિવ્ય અને માહાત્મ્યની વાત થતી હોય અને જ્યારે ભગવાન પોતે તે વાત કરતા હોય ત્યારે આગળ 'શ્રી' શબ્દ લગાડવામાં આવે છે. શ્રી છે શુભ, મંગલ, દિવ્ય, પરમાત્માને પ્રાપ્ત કરાવનાર ! એટલે આપણે ભગવાનના જે અવતાર છે એની આગળ પણ 'શ્રી' લગાવીએ છીએ. રામાયણની સિરિયલમાં હનુમાન કે અંગદ 'શ્રીરામ' એમ જ્યારે બોલે ત્યારે રાવણ 'શ્રી મત કહો' એમ કહીને પોકાર કરે. શ્રી એટલે શું સમજો છો તમે ? કારણ કે અષ્ટસિદ્ધિ અને નવનિધિ તો એણે પોતે વશ કરેલી હતી. જ્યારે રામ તો વનવાસી થઈને વનમાં વિચરણ કરતા હતા અને એને તમે શ્રી કહો છો ? પણ ભક્ત અંગદ અને હનુમાનને મનુષ્ય રામને વિશે ભગવાનનો ભાવ છે તો તેઓ 'શ્રીરામ' એવો ઉચ્ચાર કરે છે. મને તો આ યાદ રહી ગયું છે એટલે બધા જ્યારે 'જય સ્વામિનારાયણ !' બોલે ત્યારે હું બોલું 'જય શ્રી સ્વામિનારાયણ !' પછી તમારે સગવડ પ્રમાણે ટૂંકું જે બોલવું હોય તે બોલો, પણ 'શ્રી' શબ્દનો બહુ વિશેષ અર્થ છે. 'જય શ્રી કૃષ્ણ !' એમ આ પણ 'શ્રી' છે. ભગવાને શ્રીમુખે એમ કહ્યું છે જે, 'મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા...'

અહીંયાં ચિત્ર પ્રતિમાની વાત આવી. ચિત્ર પ્રતિમા વિશે વાત કરીએ તો સ્વામી વિવેકાનંદે ઈંગ્લૅન્ડથી ભણીને આવેલા એક રાજાના કુંવરને આ વાત સમજાવી હતી. એના દાદાનું તૈલચિત્ર મહેલમાં લટકતું હતું તે ઉતારીને એમ કહ્યું કે, 'આની ઉપર થૂંક'. ત્યારે કહે, 'ના થૂંકાય.' સ્વામી વિવેકાનંદે કહ્યું કે, 'કેમ ના થૂંકાય ? કૅનવાસ છે ને ઉપર કલરથી ચિત્ર દોરેલું છે, એના ઉપર કેમ ના થૂંકાય ?' ત્યારે પેલો કહે, 'આની ઉપર ના થૂંકાય. કારણ, આ ચિત્ર જોઉં છું એટલે મને મારા દાદા યાદ આવે છે. એમના ખોળામાં હું રમેલો અને એમણે મારું લાલનપાલન કરેલું એ મને યાદ આવે છે. એટલે ભલે તમે એને કૅનવાસ અને રંગનું ચિત્ર કહેતા હોવ, પણ મારાથી એના પર થૂંકાય નહીં.' ત્યારે સ્વામી વિવેકાનંદ પણ પોતાના ગુરુની પ્રતિમા બતાવીને કહે છે કે, 'હું આને જોઉં ત્યારે મને મારા ગુરુ યાદ આવે છે, મારા પ્રભુ યાદ આવે છે.' આ પ્રસંગ, આ વાત પણ આપણે સત્સંગના માધ્યમથી સાંભળી છે.

એમ, આ બધી ચિત્રપ્રતિમાઓ આપણે અહીંયાં જોઈએ છીએ, સાહેબને અહીંયાં મૂર્તિ સ્વરૂપે બિરાજમાન કર્યા છે એ જોઈએ એટલે એમની સાથેનો આપણો સંબંધ, આપણો નાતો, તાજો થાય છે. એમની સાથે બનેલા આપણા કોઈક પ્રસંગની આપણને સ્મૃતિ થાય છે. અને એ રીતે આપણા ભાવજગતથી આપણે એમની સાથે જોડાઈએ છીએ એટલે એ જીવંત થઈ જાય છે. જેમ આપણે જીવતા છીએ, એમ એ ચિત્રપ્રતિમા પણ જીવંત થઈ જાય છે.

ભલે ભગવાને આપણને બનાવ્યા હોય, પણ ભગવાનને ભગવાન આપણે બનાવ્યા છે. આપણને આ ભાવ થયો એટલે બન્યા, આ ભાવ ના થાય તો ભગવાન બને નહીં. ભગવાને આપણને બનાવ્યા એટલે કે, આખી સૃષ્ટિ જેમણે પેદા કરી એમના વિશેનો ભાવ મારા હૃદયમાં હું પેદા કરું તો એ મારા ભગવાન બન્યા. 'મારા ભગવાન છે', 'મારા લાલજી છે', 'મારા ગુરુ છે' એમ મારાપણાનો ભાવ થવો જોઈએ. પરાયા નથી, પારકા નથી અને આખા ગામના ભલે હોય, પણ એની જવાબદારી સામૂહિક રીતે ગામના માથે નાખી દીધી એમ પણ નથી; 'મારા પ્રભુ', 'મારા ગુરુ', 'મારું મંદિર' એમ મારાપણાનો ભાવ લાવવાનો છે. કારણ કે 'હું ને મારું' એ તો આપણું જગત છે અને એ જગતમાં તો આપણે જીવીએ છીએ. તો એ જ ભાવ અહીંયાં ભગવાન સાથે જોડવાનો છે. તો 'મારા પ્રભુ', 'મારા ગુરુ' એવો ઉમળકો જ્યારે થાય ત્યારે એ પ્રભુ બન્યા છે.

અને ત્યારે ભગવાને શ્રીમુખે એમ કહ્યું કે, 'મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.' અખંડ – ખંડિત થતો નથી. આજે છું ને કાલે નથી એવું નથી. તમારો મૂડ બદલાય, તમે કંઠી કાઢી નાખો એટલે ભગવાન વહ્યા ગયા એમ નથી. નિત્ય અને નિરંતર, સનાતન એના માટે શબ્દ વપરાય છે – અખંડ ! અસ્ખલિત – જેમાં સ્ખલન નથી એને અસ્ખલિત કહેવામાં આવે છે અને એમાંથી અખંડ શબ્દ બન્યો. 'એવા સંતમાં અખંડ નિવાસ કરીને રહ્યો છું.' ભગવાનના આ શબ્દોને સંતોએ પકડી લીધા અને એમણે 'અષ્ટપ્રકારની પ્રતિમામાં અને સંતમાં અખંડ રહ્યાનું' એવું આ 'વચનામૃત'નું ટાઈટલ આપ્યું. સંતોને ધન્ય છે ને ! ભગવાનની વાણીને જ તેઓએ પ્રધાનપણે પકડી રાખી છે, પોતાનું કશું નહીં. ભગવાનની વાણીનું સંપાદન કરીને આ 'વચનામૃત' નામનો ગ્રંથ એમણે આપણને ભેટ આપ્યો છે.

***અને એ ભક્ત તો ભગવાનની પ્રતિમા આગળ તથા સંત આગળ ગમે તેટલાં ફેલફતૂર કરે છે પણ લેશમાત્ર ભગવાનનો ડર રાખતો નથી.એને ભગવાનનો નિશ્ચય છે કે નથી ? એ પ્રશ્ન છે.***

આટલી વાત માટે આટલો લાંબો પ્રશ્ન પૂછ્યો છે. કોણે પૂછ્યો છે ? શ્રીહરિએ પોતે પ્રશ્ન પૂછ્યો છે. આપણને બધાને પૂછવામાં આવે છે કે, 'તમને ભગવાનનો નિશ્ચય છે કે નથી ?' જે ભગવાનની મર્યાદા રાખતો નથી ને ગમે તેમ ફેલફતૂર કરે છે અને લેશમાત્ર ભગવાનનો ડર પણ રાખતો નથી તો એને ભગવાનનો નિશ્ચય છે કે નથી ? એ પ્રશ્ન છે.

***ત્યારે પરમહંસ બોલ્યા જે, 'જ્યારે એ ભગવાનને અંતર્યામી જાણીને મર્યાદા નથી રાખતો, તો એને ભગવાનનો નિશ્ચય જ નથી.'***

૫૦૦ પરમહંસો કે, જેમને ભગવાન શ્રી સ્વામિનારાયણે પરમહંસની દીક્ષા આપી. પરમહંસ – હંસને માટે એવું કહેવાય છે કે, દૂધમાં એ ચાંચ બોળે તો દૂધ ને પાણી બેય નોખું થઈ જાય એવું એની ચાંચમાં રસાયણ છે. અહીંયાં હું એનું અર્થઘટન એવું કરીશ કે, સત્ય અને અસત્ય એ બેયને નોખું કરીને સમજાવે એ પરમહંસની કક્ષા કહેવાય. કારણ કે, આ સંસારમાં અસત્યના આવરણથી સત્ય એવું ઢંકાઈ ગયું છે કે, લોકો અસત્યને જ સત્ય માનીને ચાલી રહ્યા છે. અને એટલે જ ભગવાનના નામે જે કંઈ ચલાવવું હોય તે બધું ચાલે છે. ભગવાનનું નામ દઈ દેવાનું, ભગવાનનું નામ વટાવવાનું તો એના નામે બધું ચાલે. કેમ ચાલે ? સત્યનું મુખ અસત્યના આવરણથી ઢંકાઈ ગયું છે ને અસત્યને જ સત્ય માની લીધું છે એટલે. અને એ જ ભ્રમણામાં આખો સંસાર જીવે છે એમ સદ્‌ગુરુ સંતો કહે છે. અહીં પરમહંસ જવાબ આપે છે. જુઓ, અહીંયાં ફલાણા સ્વામી કે ઢીકણા સ્વામીએ જવાબ આપ્યો એવું નથી લખ્યું પણ '*પરમહંસ બોલ્યા*' એમ કહ્યું છે. 'બોલ્યા' એ બહુવચન અને 'બોલ્યો' એ એકવચન માટે વપરાય છે. એનાથી આગળ જો વિવેકથી બોલવું હોય તો 'બોલ્યા' એમ કહેવાય પણ 'બોલ્યો' એમ ના કહેવાય. ગુજરાતી ભાષા સમજજો. 'ત્યારે પરમહંસ બોલ્યા' એટલે આ બધાનો સામૂહિક જવાબ છે.

***પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "એને નિશ્ચય તો નથી અને ઉપરથી પાખંડ જેવી ભક્તિ કરે છે, ત્યારે એનું કલ્યાણ થશે કે નહીં થાય ?"***

બોલો ભાઈ , આપણી ભક્તિ કેવી છે ? પાખંડી ભક્તિ છે. ખંડ એટલે ભાગ. અરધે ભાગે આપણે આપણી લાંબી ખેતી કોઈકને આપીએ છીએ. એ મજૂરી કરે, અને જે પાકે એમાંથી આપણે નફાના હિસ્સેદાર. એને ભાગે આપી એમ કહેવાય. ભાગના સ્વરૂપમાં સમજાવું

તો 'પાખંડ' 'પા' એટલે એક ચતુર્થાંશ. આખું વર્તુળ હોય એનો એક ચતુર્થાંશ, ત્રણ ચતુર્થાંશ બાકી રહ્યું. આપણે જે ભક્તિ કરીએ છીએ તે કેટલી ભક્તિ કરીએ છીએ ? પા ભાગની. એટલે આપણે અહીંયાં પાખંડનો અર્થ ધતિંગ નહીં સમજવાનો. શું સમજવાનો ? ચાર આની સત્સંગ. આઠ આની સત્સંગ. બાર આની સત્સંગ અને સોળ આની સત્સંગ એવી શાસ્ત્રીજી મહારાજની ટકાવારી સમજવાની. શાસ્ત્રીજી મહારાજ સોળ આની સત્સંગની વાત કરતા. અમારા વખતમાં સોળ આના એટલે એક રૂપિયાનું ચલણ હતું. અત્યારે ૧ રૂપિયાના ૧૦૦ પૈસા થઈ ગયા એટલે આપણે ૨૫ પૈસાનો સત્સંગ. પા ખંડ. ખંડ એટલે ભાગ-વિભાગ. ભક્તિ તો કરે છે. પણ કેટલી ? પા ભાગની.

***પછી સંત બોલ્યા જે, "એનું કલ્યાણ નહીં થાય."***

કારણ કે, એ બધા સંતો તો એમનું બધું મૂકીને આવ્યા હતા અને કલ્યાણ કરવા જ આવ્યા હતા. એટલે એવું જ સમજતા હતા કે, અમારું જ કલ્યાણ થાય, આવું કરે એનું ના થાય. પણ સ્વામિનારાયણ ભગવાને તો ગૃહી-ત્યાગીનો મેળ રાખ્યો નથી. ગૃહસ્થીને ગૃહસ્થાશ્રમ કરતાં કરતાં, વેપાર-વ્યવહાર કરતાં કરતાં, કુટુંબ-પરિવાર સહિત કલ્યાણના અધિકારી બનાવવાની વાત સમજાવી છે. એટલે એ ફરી પ્રશ્ન પૂછે છે.

***પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જેને ભગવાનની મૂર્તિને વિષે નાસ્તિકપણું આવે અને સંતને વિષે નાસ્તિકપણું આવે તેને એટલે જ નહીં રહે, એને તો જેનું ભજન-સ્મરણ કરે છે એવા જે પ્રત્યક્ષ ભગવાન તેને વિષે પણ નાસ્તિકપણું આવશે."***

આ બહુ મોટું રોગનું મૂળ છે. મંદિરે આવે છે પણ સંતોનો અભાવ આવે છે, ભક્તોનો અભાવ આવે છે; હજી ત્યાં સુધી તો વાંધો નહીં; પણ, જેનાં દર્શન કરવા આવે છે, જેના માટે ચંપલ ઘસે છે, જેના પ્રત્યે કંઈક આસ્થા કે શ્રદ્ધા રાખે છે; એનો પણ જે દિવસે અભાવ આવશે, એ દિવસે ગામડાનાં ડોશીમાની માફક 'સત્યાનાશ' જશે.

અમે ગામડામાં ઊછરેલા. અમે છોકરાઓ શેરીમાં તોફાન કરીએ તો ડોશીમા 'તારું સત્યાનાશ જાય' એવું કહે. એટલે કે, સત્યનો નાશ થયો. આ સમજવા જેવું છે. તારામાં સંસ્કાર નથી, તારામાં ખાનદાની નથી, તારામાં વિવેક નથી, આચારસંહિતાને તું આચરતો નથી, એટલે તું સત્યરૂપ પરમાત્માના માર્ગે ચાલી શકતો નથી, એટલે તારું સત્યાનાશ થયું. 'સત્યાનાશ' એટલે ધનોતપનોત ને નખ્ખોદ નીકળી ગયું એમ નહીં. નાશ થવામાં પણ સત્ય શબ્દનો પ્રયોગ થયો છે. આપણા વડીલો બહુ સમજદાર હતા. ભલે એ ગુસ્સામાં ગાળ દેતા તો પણ ભગવાનને સાથે રાખીને દેતા. સત્યનો નાશ થયો. શું સત્યનો નાશ થયો ? તારામાં વિવેક નથી, આદર નથી, ધર્મનું આચરણ નથી અને આમ નફફટ થઈ તું તારી રીતે વર્તે છે એટલે તને ગાળ દીધી. એટલે સત્યનો નાશ થયો, કારણ કે, તું અસત્યનું આચરણ કરી રહ્યો છું. અને અસત્યનું આચરણ કરી રહ્યો છું એટલે જરૂર તારો વિનાશ છે. જ્યારે ઋષિજનો, ગુરુજનો, વડીલો, માતાપિતા આશીર્વાદ આપે ત્યારે કહે છે કે, 'આયુષ્યમાન ભવ', 'તારું શુભ થજો', 'તારું રૂડું થજો', 'તારું મંગલ થજો' કારણ કે તું સત્યના માર્ગે ચાલે છે.

અહીંયાં કહ્યું ને કે, ફેલફતૂર કરે છે ને મર્યાદા રાખતો નથી. શેરીમાં વડીલો બેઠા હોય, આપણાથી મોટી ઉંમરના લોકો બેઠા હોય અને એમની હાજરીમાં આપણે ગમે તેવો અવિવેક કરીએ, ગેરવર્તન કરીએ, અપશબ્દ બોલીએ એટલે પછી આપણને એમ કહે કે, તું અસત્યના માર્ગે છે, સત્યના માર્ગે ચાલ. આ શબ્દનો આટલો સુંદર અર્થ આપણે સમજી શકીએ એમ છીએ.

એટલે જ્યારે એને 'ભગવાનની મૂર્તિને વિશે નાસ્તિકપણું આવે છે ત્યારે એને સંતને વિષે પણ નાસ્તિકપણું આવે છે. અને પછી જેનું ભજન-સ્મરણ કરે છે, એવા જે, હવે એક શબ્દ વપરાય છે – 'પ્રત્યક્ષ ભગવાન' પ્રત્યક્ષ એટલે પ્રતિ-અક્ષ. સદા દિવ્ય સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ ! કે જેમની સામે હું ઊભો છું. પહેલી વખત આ 'વચનામૃત'માં 'પ્રત્યક્ષ' શબ્દ પ્રયોગ થાય છે. 'હું પ્રવેશ કરું છું', 'હું અખંડ રહ્યો છું', પણ હું બરાબર તમારી સામે જ રહ્યો છું – પ્રતિ-અક્ષ – તમારી આંખો સામે જ છું. જેને ભક્તો કહે છે, હાજરાહજૂર છું. હાજરાહજૂરને પ્રત્યક્ષ કહેવાય.

***અને એ ભગવાનનાં જે ગોલોક, બ્રહ્મપુર આદિક ધામ છે તેને વિષે પણ નાસ્તિકપણું આવશે; અને જગતની જે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેને પણ કાળે કરીને ને માયાએ કરીને ને કર્મે કરીને માનશે પણ પરમેશ્વર વતે કરીને નહીં માને; એવો પાકો નાસ્તિક થશે.***

પ્રત્યક્ષ ભગવાનને વિશે જ્યારે નાસ્તિપણું આવશે; અને એ ભગવાનનાં ગોલોક, બ્રહ્મપુર આદિક ધામને વિશે પણ નાસ્તિકપણું આવશે. ક્રમે ક્રમે અધોગતિને પામતો જાય છે. ઊર્ધ્વગતિ એટલે ક્રમે ક્રમે નિસરણી ચડતો જાય અને અધોગતિ એટલે ક્રમે ક્રમે પતન થતું જાય છે.

નાસ્તિક એટલે ભગવાન છે જ નહીં અને આસ્તિક એટલે ભગવાન સદા છે. સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષની આપણા સંપ્રદાયની ઉપાસના છે.

ભગવાન હાજરાહજૂર છે અને જો એ હાજરાહજૂર હોય તો જેમ રાજાના દરબારમાં, જેમ કલેક્ટરસાહેબની કચેરીમાં, કૉર્ટમાં બહુ મર્યાદા ને આમન્યા રાખવી પડતી હોય છે. કૉર્ટમાં જજસાહેબ બેઠા હોય. એમની બાજુમાં લહિયો, એની સામે વકીલો અને પછી જેનો કેસ ચાલતો હોય એ લોકો બેઠા હોય. પણ એમને એક પણ શબ્દ બોલવાનો અધિકાર હોતો નથી. મૉબાઈલ સ્વિચ ઑફ કરી દેવા પડે. એક કાયદા-કાનૂનના સત્તાધીશની પણ આટલી બધી આમન્યા ને મર્યાદા રાખવી પડે. ત્યાં અંદરોઅંદર વાતો ના થાય. અને ભગવાનનાં દર્શન કરવા આવ્યા હોય પણ અંદરોઅંદર વાતો કરે. ઘણા લાંબા સમયે મળ્યા હોય એટલે એકબીજાની ખબરઅંતર પૂછે. ભાઈઓ પણ મંદિરમાં જવું તો મૉબાઈલ તો જોડે જ રાખવાનો. કોઈનો અગત્યનો ફોન આવી જાય તો! પણ ભગવાનનું હાજરપણું સ્વીકારીને મર્યાદા ને વિવેક રાખવાનાં છે. અને આપણે હજૂર સેવક થવાનું છે. હાજરાહજૂરનો બહુ સુંદર અર્થ છે – હું હજૂરિયો છું, સેવક છું, હજૂર સેવક ! હું હાજર છું.

ભગવાનનાં દર્શન કરીએ, ભગવાનની કથા સાંભળીએ એ સમયે મનને ભગવાનમાં પરોવવાનો પ્રયત્ન કરીએ. મન આપણું એટલું બધું પ્રવાહી અને ચંચળ અવસ્થાનું છે, કે ભગવાને પહેલા જ 'વચનામૃત'માં એ સાધના લખી દીધી છે કે, 'મનની વૃત્તિને ભગવાનના સ્વરૂપમાં અખંડ જોડી રાખવી. એના જેવી કોઈ પ્રાપ્તિ નથી ને એના જેવું કોઈ સાધન નથી.' અને આપણે નથી એટલે ભગવાને આપણને આ રસ્તો શીખવાડ્યો છે કે, આવી રીતે રહો. ઘડીક ભગવાનની મૂર્તિ સામે બેસીએ ત્યારે બધી ઉપાધિ મૂકી દઈને તેટલી ઘડી તો હું ને મારો ભગવાન, હું ને મારા ગુરુ ! ભગવાનનું નામ સ્મરણ, નામ રટણ ! જ્યારે મંત્ર જપીએ ત્યારે પણ ગુરુની સ્મૃતિ ને પ્રભુનો મંત્ર; આ બધા એના ઈલાજ છે. તો ભગવાન એનું અકલ્યાણ થશે કે એનું કલ્યાણ નહીં થાય એવું નથી કહેતા, પણ એમણે કહ્યું કે, એ નાસ્તિક થઈ જશે.

હવે એનાં મૂળિયાં કપાયાં. હવે એને કોઈ રીતે પાછો જીવતો કરવો પડશે. એટલે આપણા આખા સત્સંગની મા એ મુક્તાનંદ સ્વામી ! મુક્તાનંદ સ્વામી શ્રી સહજાનંદ સ્વામી કરતાં ઉંમરમાં મોટા, રામાનંદ સ્વામીના પટ્ટશિષ્ય, પાકટ બુદ્ધિના, પ્રેમાળ પ્રકૃતિના અને સૌ સંતોનું, ભક્તોનું હિત થાય, રૂડું થાય, મંગલ થાય એવું સદાય ઈચ્છનારા; એટલે એમણે કહ્યું કે, પ્રભુ ! અમે તો જીવ, આ બધા તો જીવ છે, એને હવે શિવ આકારે કરવાના-પ્રભુ આકારે કરવાના, પણ જો સાવ એમનું પાનિયું નીકળી જાય તો બિચારા શું કરશે ? આ તો 'રાંકનાં હાંડલાં ફૂટી ગયાં'. એમ કહીએ ને આપણે ! રાંક એટલે ગરીબ. એની પાસે એક માટલું હોય પાણી પીવાનું અને એય ફૂટી જાય તો બિચારો હવે પાણી ક્યાં પીશે ? એટલે સત્સંગમાં એવું કહેવાય છે, 'રાંકનાં હાંડલાં ફૂટી ગયાં.' આપણી દશા આવી છે. એક તો કશું હતું નહીં, અને એમાં પાછું દેવું કર્યું. હવે કેટલી મજૂરી કરીશું તો દેવું ચૂકવાય ? અને એ ખાડો ભરાય ? તો પછી ઉપર કંઈક મોજમજા કરે એવી બરકત આવે; એ આપણા ધંધા છે. પણ મુક્તાનંદ સ્વામી દયાળુ છે.

અત્યાર સુધી તો શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રશ્ન પૂછ્યો ને પરમહંસોએ જવાબ આપ્યો. પણ હવે મૂળ મૂદ્દો આવે છે. આપણી વાત આવે છે. અને આપણું હિત, રૂડું ને મંગલ કરનારા સાધુ મુક્તાનંદ સ્વામી ભગવાનને પૂછે છે કે, કશોક તો રસ્તો બતાવો ! કાંઈક તો ઈલાજ કરો પ્રભુ ! ભલે અમે ગમે તેવા હોઈએ, ગમે તે ફેલફતૂર કરતા હોઈએ, આચરણ, મર્યાદા, વિવેક, માહાત્મ્ય કશું સમજતા ના હોઈએ પણ તોય મુક્તાનંદ સ્વામી પૂછે છે.

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'એ નાસ્તિકપણાનો હેતુ તે કોઈ પૂર્વનું કર્મ છે કે કાંઈ કુસંગ છે ?'**

હવે રોગની દવા. મુક્તાનંદ સ્વામી શું કહે છે ? કે, આ નાસ્તિકપણું એને આવી ગયું. આગળ નાસ્તિકપણું શું આવ્યું એ બધું સમજાવ્યું. મૂર્તિની મર્યાદા નહિ, સંતની મર્યાદા નહિ, કંઈ વિવેક રાખવાનો નહીં, એની કાંઈ બીક લાગે નહીં. બાકી પ્રેમ કરવો હોય ને તો શાસ્ત્રો એવું કહે છે કે, 'ભય વગર પ્રીતિ થતી નથી.' અને મરણનો તો આપણને સર્વને ભય છે, એટલે આપણે ભગવાનની પાસે આવીએ છીએ કે, આપણે મરી તો જવાના પણ આપણું મરણ સુધરે એવો કોઈ ઉપાય બતાડો. તો કહે, 'મંદિરે જા.' મરણ સુધારવું હોય તો મંદિરે જા. સૌ કોઈને જો મોટામાં મોટો કોઈ ભય હોય તો તે મરણનો મોટો ભય છે. ક્યાં થશે ? કેવી રીતે થશે ? ક્યારે થશે ? તે ખબર નથી અને એ ભયને કારણે ભગવાનની સાથે પ્રીતિ થાય છે. ભય ના હોય તો આ ભગવાનની કોને પડી છે ? મરણનો ભય છે એટલે ભગવાન સાથે પ્રીતિ કરવાની છે અને એટલે મંદિરે જવાનું છે. (ક્રમશઃ) ◆